**અમદાવાદ (ગ્રામ્ય) ની ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં.બી–૧૭, નવરંગપુરા, અમદાવાદ.**
**ફોજદારી કેસ નં.27097/2026**

ફરીયાદી : શ્રી સરકાર

**વિરૂ ઘ્ધ.**

આરોપી : બ્રીજેશભાઇ રમેશભાઇ પટેલ.
રહે.ડી.૧૧,પુર્ણ પુરસોત્તમ સોસાયટીવિભાગ ૨,રાણીપ,અમદાવાદ
ફરીયાદી તર્ફે એ.પી.પી. અને આરોપી તર્ફે વિ. વ. શ્રી
**ગુનો : જુગારધારાની કલમ – ૧૨ મુજબ**

**– : ચૂકા દો : –**

૧.ફરીયાદપક્ષના કેસની ટુંકમાંહકીકત એવી છે કે,આ કામના આરોપીએ દર્શાવેલ જાહેરમાં/ ગેમ્બલીંગ હાઉસમાં જુગાર /સટ્ટો રમી પકડાઈ જઈ ગુનો કર્યાનો આક્ષેપ છે. જે મુજબ આરોપી સામે હાલનુ ચાર્જશીટ કરેલ છે.

૨.આરોપી સામે ચાર્જશીટ ફાઈલ થતાં આરોપીને સમન્સ કરેલ, જે અન્વયે આરોપી હાજર થતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલ છે અને તે અંગે કબુલાત પુરસીસ રજૂ કરેલ છે તેમજ મુદ્દામાલ કલેમ કરતા નથી તે અંગેની પુરસીસ પણ રજુ કરેલ છે.

૩.આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજિ ઠાકોર ૨૦૦૫(૧) જિ. એલ. આર. પાના નંબર ૭૦૯ વાળા ચુકાદામાં જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામાં જણાવેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કોર્ટ કરી શકે જે સિધ્ધાંતને ધ્યાને રાખતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આ ખ રી હુ ક મ : –**

આ કામના દરેક આરોપી ને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૨૭૫ અન્વયે જુગારધારાની કલમ –૧૨ મુજબ ના ગુનામાં દરેક આરોપીને રૂપિયા ૧૦૦ અંકે રૂપિયા સો પુરા નો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન – 2 ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ કોર્ટમાં જમા ન હોય તો પોલીસ સ્ટેશનમાં સત્વરે યાદી કરી તે રકમ કોર્ટમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. બાકીનો મુદ્દામાલ જેવો કે ગંજી પત્તાના પત્તા, પાથરણુ, નોટબુક, પેન વિગેરે બિનકિંમતી મુદ્દામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
હુકમ આજ રોજ ૧૧ જુલાઇ ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૧/૦૭/૨૦૨૬
અમદાવાદ

(એમ.એસ.સુતરીયા)
ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ
નવરંગપુરા, અમદાવાદ (ગ્રામ્ય)
જી.જે.૮૪૬